# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ
### પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬,૧૨,૧૭ વરતાલ પ્રકરણ : ૩, ૫, ૧૧ ગ. અં. પ્ર.: ૨,૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ : 'વચનામૃત' ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી — ૧ ગુણ
૨. શ્રીજીમહારાજનાં વચનામૃત અથવા સ્વામીની વાતુનાં પ્રમાણ — ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા આપણાં અન્ય શાસ્ત્રોનાં પ્રમાણ અથવા ગુરુપરંપરાનાં કીર્તનો - સાખી. — ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. — ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. — ૧ ગુણ
૬. આપનો નિર્ણય આખરી ગણાશે.

**૧. ચાર પ્રકારના મોટા પુરુષ. (વર. ૩)**

જ. દીવા જેવા, વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, મશાલ જેવા તેથી અધિક વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, વીજળી જેવા માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય અને વડવાનળ અગ્નિ જેવા હોય તે સમુદ્રના જળે કરીને ઓલાતા નથી અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાખે છે તે પાણી મીઠું થાય છે. તેમ એવા જે મોટાપુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાંખે છે.

**૨. ઘોડેસ્વાર તથા પાણિયારીના દૃષ્ટાંત અને સિદ્ધાંત દ્વારા સ્પષ્ટ થતો બોધ. (ગ.અં. ૯)**

જ. જેમ પાણિયારી હોય તે કૂવા ઉપર જળ સિંચવા જાય છે, ત્યારે કૂવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય તેની પણ સૂરત રાખે છે જે 'રખે કૂવામાં પડી જાઉં !' અને બીજી વૃત્તિએ કરીને કૂવામાંથી પાણી સિંચે છે, વળી બીજું દૃષ્ટાંત - જેમ કોઈ પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાના પેંગડામાં પગ હોય ત્યાં પણ સૂરત રાખે અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સૂરત રાખે. અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે ત્યાં પણ સૂરત રાખે. એવી રીતે આ સર્વ સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી.'

**૩. ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે. (લો. ૬)**

જ. શ્રીજીમહારાજનો પ્રશ્ન : ભગવાન સંબંધી જે ભજન, સ્મરણ, કીર્તન, વાર્તા એ આદિક સાધન છે તેમાં એવું એક સાધન કયું છે જે, આપત્કાળ હોય ને સર્વે જાય ને જો એક રહે તો સર્વે રહે ? શ્રીજીમહારાજનો જ જવાબ :- ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે.

**૪. સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ. (વર. ૧૧)**

જ. પૃથ્વીને વિષે જે ભગવાનનો અવતાર તેને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશય પ્રીતિ થાય, ત્યારે એ સત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહિ. અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહિ. અને તેનાં વચન પણ સત્ય મનાય. એવી રીતે લૌકિક માર્ગમાં પણ રીતિ છે અને

કલ્યાણના માર્ગમાં પણ રીતિ છે. માટે સત્પુરુષને વિષે દઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.

**૫. સોનાના દોરાના દૃષ્ટાંતે સિદ્ધાંત સમજાવો. (ગ.અં. ૨૧)**

**જ.** જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ એવા જે દઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. (લો. ૧૨) (૫)

૨. જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ, તો આ સંત સભાના સમ છે. તે સમ શા સારું ખાવા પડે છે જે, સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારું સમ ખાવા પડે છે. (ગ.અં. ૨) (૧૧)

૩. જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ. જે 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું, કે હું ધનાઢ્ય છું, કે હું રૂપવાન છું, કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહિ અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું. (ગ.અં. ૧૨) (૨૦)

૪. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. (ગ.અં. ૧૬) (૨૧)

૫. વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ ભગવાન જેવા તો થતા જ નથી. (ગ.અં. ૩૯) (૩૩)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. માહાત્મ્ય સહિત ભક્તિ : (૧)** એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. (વર. ૫) (૯) **(૨)** જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે છે, તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે. (ગ.અં. ૧૧) (૧૮) **(૩)** એવી રીતે એ ચાર પ્રકારના જે મોટાપુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે. (વર. ૩) (૮) **(૪)** વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે. (ગ.અં.૧૧) (૧૭)

**૨. અવગુણ : (૧)** પંચ વર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેની આગળ કહેવું અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો, ત્યારે તે નિષ્કપટ કહેવાય. (લો. ૫) (૧) **(૨)** તેમ જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહિ અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહિ. (લો. ૧૭) (૬)

(વિભાગ - ૨ : 'સનાતન ધર્મ અભિગમ' ચતુર્થ આવૃત્તિ, જુલાઈ, ૨૦૦૬ના આધારે)

> ☞ **નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી. (૪) આ નોંધ પ્રશ્ન-૪, પ્રશ્ન-૫ અને પ્રશ્ન-૬ માં સરખી જ લાગુ પડશે.**

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**૧. પુનર્જન્મ અંગે આધુનિક માન્યતાઓ અને વિદેશી-વિચારકોનો દૃષ્ટિકોણ (૧૧૯-૧૨૦)**

જ. યહુદી, ખ્રિસ્તી અને ઈસ્લામની ધાર્મિક વિચારધારાને માનવાવાળા લોકો પુનર્જન્મના સિદ્ધાંત ઉપર વિશ્વાસ નથી કરતા. પરંતુ તેમાં પણ કેટલાક પ્રાચીન તથા આધુનિક વિચારકો આત્માના દેહાન્તર પ્રવેશ તથા પુનર્જન્મના સિદ્ધાંત ઉપર વિશ્વાસ કરે છે. એમાં ઓર્ફિક, પાઈથાગોરસ, પ્લેટો, નોંસટિક, મેનિક્યિન્સ, બ્રુનો અને બીજા કેટલાક વિચારકો મુખ્ય છે. પ્લેટો પ્રાક્-અસ્તિત્વ ઉપર વિશ્વાસ રાખતા હતા. એમનું કહેવું છે કે 'આત્મા શરીરથી પુરાતન છે. આત્માઓ નિરન્તર આ જીવનમાં જન્મ લેતા રહે છે.' ઈસુ ખ્રિસ્તે કહ્યું - 'અબ્રાહમની પહેલાં હું છું' એમણે સેમરિટન સ્ત્રીની સામે પોતાનો ભેદ બતાવતાં કહ્યું : 'એવું કહેવાય છે કે આ ઈલાયસ છે, જે સેમરિટની સ્ત્રીની પાસે આવે છે.' ઓરિજેને કહ્યું : 'દેવી ભગવદ્વિધાન દરેકના માટે એની પ્રવૃત્તિ, મન તથા સ્વભાવ અનુસાર જ નિર્ણય કરે છે. માનવીય-માનસ ક્યારેક સારા અને ક્યારેક નરસાથી પણ પ્રભાવિત થતું રહે છે. એનું કારણ પરંપરા ભૌતિક શરીરના જન્મથી પણ વધારે જૂની છે. આધુનિક સમયના કવિઓ તથા દાર્શનિકોએ પણ આત્માઓના દેહાન્તરવાદ તથા પુનર્જન્મની ધારણાની અભિવ્યક્તિ કરી છે. વર્ડ્સવર્થ કહે છે : 'અમારી સાથે, અમારા જીવનના નક્ષત્રની સાથે ઉદીયમાન આત્માનો ઉદ્ભવ અન્યત્ર છે અને એ સુદૂરથી આવ્યો છે.' પ્રાધ્યાપક હક્સલીનું કહેવું છે : 'કેવળ વગર વિચાર્યે, વગર સમજે નિર્ણય લેવાવાળા પંડિતો જ પુનર્જન્મના સિદ્ધાંતને મૂર્ખતાની વાત સમજી એના વિકાસવાદનો વિરોધ કરશે.' સિદ્ધાંતની જેમ દેહાન્તરવાદનો સિદ્ધાંત પણ વાસ્તવિક છે.' દાર્શનિક લ્યૂમિંગનું કહેવું છે કે 'જ્યાં સુધી દરેક વખતે નવું જ્ઞાન, નવો અનુભવ મેળવવાની ક્ષમતા મારામાં છે, ત્યાં સુધી હું વારંવાર કેમ પાછો ન આવું ? શું હું એક જ વાર આટલું કાંઈ લઈને ઓછો આવું છું કે મારે ફરી પાછા આવવાનું કષ્ટ ભોગવવાની કોઈ આવશ્યકતા જ ન રહે.' જલાલુદ્દીન રૂમીનું કાવ્ય પણ પુનર્જન્મમાં એમની માન્યતા દર્શાવે છે. તેઓ કહે છે : 'હું ખાતરમાંથી કુમળો છોડ બન્યો, તેમાંથી પ્રાણી અને પછી મનુષ્ય, આટઆટલાં મૃત્યુ પછી પણ હું ઓછો થયો (મર્યો) નથી, તો હું શા માટે ડરું? હજું હું દેવદૂત બનીશ. તે પદ પણ છોડવું પડશે. પ્રભુ સિવાય બધાનો નાશ જ છે. દેવદૂત પદ છોડ્યા પછી, કોઈ કલ્પી ન શકે એવો હું બનીશ. ઓહ ! ના, મારે અસ્તિત્વ જોઈતું નથી ! કારણ અસ્તિત્વ કહે છે આપણે સૌ પ્રભુ તરફ વળીએ.

**૨. આહાર શુદ્ધિ અને શાકાહારના ફાયદા :**

૧. પૂર્વભૂમિકા - શાકાહારમાં વિપુલ પોષકતત્ત્વો - શાકાહારમાં કાર્બોહાઈડ્રેટ.. શાકાહારથી હૃદયરોગનું પ્રમાણ ઘટતું હતું. ૩૦-૩૧
૨. ગ.પ્ર. ૧૮ વચનામૃતમાં વર્ણવેલ વાતાવરણની અંતઃકરણ પર થતી અસર. ૩૩
૩. પાંચ જ્ઞાનેન્દ્રિયોની સૂક્ષ્મ અસર અંતઃકરણ પર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - ભૂંડાને યોગે ભૂંડા અને ભગવાન કે સંતને યોગે સારા. (સંપૂર્ણ વર્ણન પરીક્ષાર્થી ઉપર અવલંબે છે.) ૩૩-૩૪
૪. સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારના આહારની શુદ્ધિથી જ સત્ત્વશુદ્ધિ સાંપડે છે. ૩૪-૩૫
૫. ગુણાતીતાનંદ સ્વામી - કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા. ૩૫
૬. પૂજ્ય રવિશંકર મહારાજ : જમીન સારી, બળદ મજબૂત પણ કોસ કાણો તેથી વાડી લીલી ન થાય. ૩૬

**૩. બ્રહ્મચર્યનો મહિમા અને નિષ્કામી થવાનો ઉપાય.**

**બ્રહ્મચર્યનો મહિમા :** ૧. બ્રહ્મચર્ય એ ઉત્કૃષ્ટ તપ છે - બ્રહ્મચર્યને જગત તથા દેવલોકના સંચાલન કાર્યનો આધાર માનવામાં આવે છે. (ઋગ્વેદ તથા અથર્વવેદ) - બ્રહ્મચર્ય દ્વારા જ રાજા ....... વિજય મેળવ્યો. - બ્રહ્મચારી બ્રહ્માથી પણ શ્રેષ્ઠ. ૩૭
૨. બ્રહ્મચર્ય દ્વારા જ ભગવત્પ્રાપ્તિ અને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે - રામાયણ, મહાભારત તથા સ્મૃતિશાસ્ત્રોમાં બ્રહ્મચર્યનો મહિમા (દૃષ્ટાંતતો) - ૩૮
૩. બ્રહ્મચર્યથી જ દીર્ઘજીવનનો લાભ થાય છે (મહાભારત) - વીર્યક્ષય મૃત્યુથી પણ વધારે ભયંકર છે - મુક્તિપ્રદાતા કેવળ બ્રહ્મચર્ય જ છે - સર્વ સિદ્ધિઓનું એકમાત્ર રહસ્ય છે - એક નિષ્કામી વર્તમાન - મેળાપ રહે છે. ૩૯-૪૦

**નિષ્કામી થવાનો ઉપાય.** ૧. નિષ્કામી વર્તમાન માટે શ્રીજીમહારાજનો અભિપ્રાય. મોટાપુરુષને વિષે .....
હૈયામાં આવીને નિવાસ કરે છે. ૬૮
૨. ભગવાન અને તેમના સંતના સ્વરૂપમાં નિર્દોષભાવ - ઉદાહરણો. ૬૯
૩. હરિભક્તો માટે આદર્શ - આજ્ઞા - પશુ પણ નિષ્કામીપણાનો આગ્રહ. ૭૧
૪. ગમે તેવો સમાધિનિષ્ઠ .... ગ.મ. ૩૫. ૭૧
૫. શ્રીહરિલીલામૃત જેવા પુરુષને - ચલાવવા જરૂર. ૭૧
૬. શાસ્ત્રોમાં શિક્ષાપત્રી સત્સંગિજીવન વગેરેમાં શ્રીજીમહારાજનો અભિપ્રાય. ૭૨થી૭૫

**નોંધ : પુસ્તકમાં આપેલી રીતે ટૂંકમાં ઉદાહરણ હોય તો વધુ સારું.**

**(વિભાગ - ૩ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૨, ૩, ૪ પાંચમી આવૃત્તિ એપ્રિલ - ૨૦૦૫ના આધારે)**
**(ભાગ-૨ ઉદ્‌ગીથ ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮ ભાગ-૩ ઉદ્‌ગીથ ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪ , ૧૫, ભાગ-૪ ઉદ્‌ગીથ ૩, ૪)**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ઉત્સવપ્રિય શ્રીહરિ**

૧. ભૂજમાં અન્નકૂટોત્સવ ૨/૩૨૫-૩૨૭
૨. જેતલપુરમાં યજ્ઞ. ૨/૪૧૧થી૪૩૯
૩. ભૂજમાં અન્નકૂટોત્સવ : આ. સં. ૧૮૬૬ ૩/૧૬ થી ૨૨
૪. અગત્રાઈમાં જન્માષ્ટમી ઉત્સવ : પર્વતભાઈએ કરેલી તૈયારીઓ. ૩/૧૦૩
૫. ગઢપુરમાં અન્નકૂટોત્સવ : આ. સં. ૧૮૬૭ જીવા ખાચરના દરબારમાં -
ગઢપુર મહાજન સેવામાં - જીવા ખાચરની સેવાથી પ્રસન્ન મહારાજ ૩/૧૩૪ થી ૧૩૭
૬. વરતાલમાં હરિજયંતી, એકાદશી અને પૂનમના ઉત્સવો. આ સં. ૧૮૬૭ - નારાયણગિરિના મઠનું પરિવર્તન. ૩/૧૬૧
૭. જન્માષ્ટમી ઉત્સવ : આ. સં. ૧૮૬૮ (કારિયાણીમાં) ૩/૧૭૧ થી ૧૭૩
૮. સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ : આ. સં. ૧૮૬૮ ૩/૨૧૯ થી ૨૨૮
૯. દાદાના દરબારમાં રંગોત્સવ : આ. સં. ૧૮૬૯ ૩/૨૬૮ થી ૨૭૦
૧૦. ગઢપુરમાં દિપાવલી અને અન્નકૂટના ઉત્સવો. લાડુબા, જીવુબાને શુકલ પક્ષના અને કૃષ્ણ
પક્ષના ઉત્સવો કરવાની આજ્ઞા. આ.સં. ૧૮૭૦ ૩/૨૮૪-૨૮૫
૧૧. ગઢપુરમાં કપિલા છઠ્ઠનો ઉત્સવ. આ. સં. ૧૮૭૧ ૩/૩૫૯-૩૬૦
૧૨. વરતાલમાં દિવાળી અને અન્નકૂટ ઉત્સવો. આ. સં. ૧૮૭૧ વિરાટના હિંડોળે. ૩/૩૬૭ થી ૩૭૦
૧૩. ગઢડામાં વસંતોત્સવ : આ સં. ૧૮૭૧ ૩/૩૭૨ થી ૩૭૪
૧૪. મછિયાવમાં ફૂલદોલનો ઉત્સવ. ૩/૩૭૫ થી ૩૭૭
૧૫. વડતાલમાં જન્માષ્ટમી અને દશેરાના ઉત્સવો : આ સં. ૧૮૭૨ ૩/૩૮૬ થી ૩૮૮
૧૬. ધરમપુરમાં વસંતોત્સવ. ૩/૪૨૬થી૪૨૭

**૨. પરમહંસોની સહનશક્તિ**

૧. મુક્તાનંદ સ્વામી ધ્રાંગધ્રામાં - વૈરાગીઓનો ત્રાસ સહન કરીને પણ સત્સંગ પ્રવર્તન. ૨/૨૫૮ થી ૨૫૯
૨. સંતો વતી મુક્તાનંદ સ્વામીની પ્રાર્થના - મહારાજનો પ્રત્યુતર. ૨/૨૬૧
૩. પરમહંસોની કસોટી. ૨/૪૧૪-૪૧૬
૪. લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ. ૨/૪૬૪
૫. લોલંગરનો શિકાર મુક્તાનંદ સ્વામી. ૨/૪૬૭
૬. મહારાજના સંતોનું જીવન. ૩/૬૦
૭. આણંદની ઉપાધિ ૪/૪૮-૫૧

**૩. શ્રીહરિ સર્વોપરિ : ચરિત્રોના આધારે**

૧. બાપુ એભલ ખાચરના દરબારમાં લાડુદાનજીના સંકલ્પો પૂરા કર્યા. ૨/૧૩૯

૨. 'આજની ઘડી રે ધન્ય.....' ૨/૧૩૯
૩. લાડુદાનજીને સમાધિમાં સર્વોપરિ સ્વરૂપનું દર્શન. ૨/૧૪૦
૪. કાનદાસનો સંશય, 'મહારાજને ભગવાન કેમ કહેવાય ?' તેનો અનુભવ શ્રીહરિએ કરાવ્યો અને તેમને મહારાજ સર્વ અવતારના અવતારી મનાયા. ૨/૧૯૭
૫. વરતાલ તળાવ પર કાઠીઓને શ્રીહરિના પ્રતાપની અનુભૂતિ 'મહારાજના સંકલ્પમાં અનંત અવતારો અને તેના પાત્રોને પ્રગટ કરવાની શક્તિ છે.' વાંદરાએ માળા ફેરવી. ૨/૨૦૭
૬. 'અમે મહેતાજીના ગુરુ છીએ.' નરસિંહ મહેતાના ઓટે બિરાજેલા મહારાજ બાવાને - બાવાને મહારાજના સર્વોપરિ સ્વરૂપનાં સમાધિમાં દર્શન. ૨/૨૫૫
૭. બાવા-વૈરાગીઓ તરફથી પડતી મુશ્કેલીઓ નિવારવા માટે મહારાજે કાલવાણીમાં એક સાથે બધા સંતો-પરમહંસોને દીક્ષા આપી. ૨/૨૬૦
૮. મહારાજના એક પત્રથી અઢાર જણાએ ઘર છોડ્યું. પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી અને અર્જુનને જ્ઞાન આપ્યું તો પણ ઘર છોડવું કઠણ પડ્યું. ૨/૩૦૪-૩૦૫
૯. 'હી નિંગરો તો નંદજીનો પુત્ર કનૈયો આય અને બ્રહ્મ-પરબ્રહ્મ પણ હી આય. હીંજી ઉપર વડો જ્યો પરબ્રહ્મ નાય !' ખૈયા ખત્રીની માએ પ્રશ્નોત્તરમાં ઓળખેલા પરબ્રહ્મ. ૨/૩૨૩
૧૦. 'આ અમારો ખૈયો મેરુ જેવડો તે ડગ્યો અને તેની હારે આ પથરો પણ ડગ્યો.' વાંઝા ભગત. ૨/૩૨૪-૩૨૫
૧૧. કચ્છ-ભૂજમાં અન્નકૂટોત્સવ વખતે સિંહાસનમાં બિરાજેલ ઠાકોરજીની મૂર્તિ શ્રીહરિના સ્વરૂપમાં લીન થતી સૌએ જોઈ. ૨/૩૨૫-૩૨૭
૧૨. પ્રથમ મણથી મંડાણ કર્યું. રાતમાં જ નિર્ણય કરી બીજે દિવસે જેતલપુરમાં મહારાજે શરૂ કરેલી ચોરાસી અને યજ્ઞ. ૨/૪૧૧
૧૩. જેતલપુરની વેશ્યાને ઘઉં દળવા આપી પાવન કરે છે. ૨/૪૧૮-૪૧૯
૧૪. જેતલપુર મહારુદ્રમાં : નાનાભાઈ ! આજે તો કલ્યાણના વાવટા અમે છૂટા મૂક્યાં છે. પ્રગટનો પ્રતાપ એવો બળવાન છે. ૨/૪૧૩
૧૫. મહેમદાવાદમાં નથુ ભટ્ટના ઘરમાં મુક્તાનંદ સ્વામીને 'કાળે પણ વિષમતાધારી મર્યાદા લોપી છે. તેથી આજે કાળની પણ સાન ઠેકાણે લાવવી છે.' ૨/૪૬૮
૧૬. સંતોને - 'મારી મરજી વિરુદ્ધ ચાલે છે તેને હું પ્રતિકુળ બનું છું. કાળને મારે આજે ડામવો છે.' - લોલંગર માટે. ૨/૪૭૦
૧૭. શ્રીનગરના હરિભક્તોએ કરેલી સ્તુતિનો પ્રતિભાવ આપતા મહારાજ, 'અમારા આવા સામર્થ્યની અમને ખબર ન હતી.' ૨/૪૭૦-૪૭૧
૧૮. 'આ મૂર્તિનું ભજન કરીને અનેક મુમુક્ષુઓ અક્ષર મુક્તની પંક્તિમાં ભળી ગયા છે.' - લોલંગરની ઉપાધિ જોઈ રામદાસ સ્વામીને થતાં સંકલ્પોનો મહારાજે આપેલો જવાબ. ૨/૪૭૨
૧૯. 'મને તો મારા આત્માનું જ્ઞાન થઈ ગયું અને એ આત્માએ આપનું - ભગવાનનું સ્વરૂપ ઓળખાવી દીધું.' ભાવસાર મુમુક્ષુ. ૩/૨
૨૦. ભીમાસરમાં ગરાસિયાને મહારાજે પોતાના સ્વરૂપમાંથી ચોવીસ અવતારના દર્શન કરાવ્યાં. ૩/૨-૩
૨૧. હમીર સરોવરમાં દિવ્ય દર્શન - ઊંડા જળમાં અદૃશ્ય થઈ ગયેલા મહારાજ તેજના પ્રવાહમાં અનંત મુક્તોથી વીંટળાયેલા છે તેવા દર્શન થયાં. ૩/૨૦-૨૧
૨૨. 'અમે તો સર્વોપરિ પુરુષોત્તમ નારાયણ છીએ.' રાઠોડ ધાંધલના પ્રાંગણમાં આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને. ૩/૨૨૪
૨૩. કુંડળના રાઈબાઈને 'અમારા પિંડને અને બ્રહ્માંડને એકતા છે.' તપસ્વી વેશનો ત્યાગ કરી દુષ્કાળને વિદાય કર્યો. ૩/૨૬૮
૨૪. નગા બાબરિયાને વિરાટ સ્વરૂપનાં દર્શન. ૩/૨૮૧

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. રૂપરામ ઠાકરની બળતરા**

૧. મહારાજ ઉમરેઠમાં. ૪/૩૮

૨. સર્વે બ્રાહ્મણો વૈષ્ણવ જ છે. ૪/૩૯
૩. અમારા દેશમાં રસમાં ખાંડ નાખવાનો ચાલ નથી. ૪/૪૧
૪. સ્વામી ! રસ કેવો ? ૪/૪૧
૫. ગુણાતીતાનંદ સ્વામી અને તદ્રુપાનંદ સ્વામીએ બે કલાક સુધી ઝીલણીયા કીર્તન ગવડાવ્યા. ૪/૪૨
૬. રૂપરામ ઠાકરને અંતરમાં બળતરા - 'આખો જન્મારો ખાંડ ન ખાવી' નો સંકલ્પ. ૪/૪૩

**૨. જેતલપુરની ગણિકાની સેવા અને તેનું ફળ**

૧. જેતલપુર યજ્ઞમાં બહેનોની લોટ દળવાની સેવા. - ગણિકાના મનમાં સેવા કરવાનો કોડ. ૨/૪૧૮
૨. જેતલપુરની વેશ્યા પાવન બને છે. ૨/૪૧૮ થી ૪૨૦
૩. ગણિકા મહારાજને આમંત્રણ આપે છે. ૨/૪૨૯
૪. મહારાજ ગણિકાના આવાસે પધારે છે. ૨/૪૩૫
૫. ઉપરોક્ત લીલાનું મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનું કિર્તન. ૨/૪૩૭

**૩. ખૈયા ખત્રી મહારાજના શરણે**

૧. સ્વામિનારાયણનું ભગવાનપણું અહીં ઉતારી લઈશું - લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે. ૨/૩૧૭ થી ૩૨૦
૨. બ્રહ્માનંદ સ્વામી ભગવાનની ગાદી ઉપર બેસે છે - નિંગરા હળવો બોલ્ય, હળવો - ખૈયાના પ્રશ્નો. ૨/૩૨૦ થી ૩૨૨
૩. હિં નિંગરા તો કનૈયો આય. ૨/૩૨૩ થી ૩૨૪

**૪. અઢાર ગરાસદારો ત્યાગાશ્રમીને પંથે**

૧. ભાદરાથી બે પત્રો લખ્યા - સુંદરજી સુથારના માનખંડન માટે. ૨/૨૯૧
૨. સૌરાષ્ટ્રના જાણીતા દરબારો પરમહંસ થવા નીકળે છે. ૨/૨૯૨
૩. ઘર તો હવે સળગી ગયું - મીંઢળ બંધો ભાણો - કલ્યાણદાસે સંસારના બંધનનો ત્યાગ કર્યો. ૨/૨૯૩
૪. જે તારે એ જ સગા માતા-પિતાએ કલ્યાણદાસનું કાંડુ મામા અજા પટેલને સોપ્યું. ૨/૨૯૪
૫. પરમહંસ ભયે મતવાલે. ૨/૨૯૬
૬. ભૂજમાં નવા પરમહંસોના આગમનના સમાચાર. ૨/૩૦૧
૭. મહારાજ નવા પરમહંસોને દંડવત્ કરે છે. ૨/૩૦૨
૮. સુંદરજીભાઈની અંતર્દષ્ટિ. ૨/૩૦૩
૯. નવા પરમહંસોના નામ. ૨/૩૦૪
૧૦. મહારાજે કહેલો નવા પરમહંસોનો મહિમા. ૨/૩૦૫
૧૧. ત્યાગનું સાચું સ્વરૂપ - મહારાજે કરેલી જ્ઞાનવાર્તા. ૨/૩૦૫-૩૦૬


❑ ❑ ❑